# વોર્ડ નં. ૩ એટલે મહાસંગ્રામનું એપી સેન્ટર



## પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સામે ક્વોલીટી - કુકરની જોડીના રસપ્રદ મુકાબલાથી સમગ્ર શહેરમાં ભારે ઉત્તેજના

**મહાનગરનો મહાસંગ્રામ**
**- સંજય દૃષ્ટિ**

**મહાસંગ્રામના મહારથીઓનો રોમાંચક મુકાબલો**

મહાસંગ્રામનું એપી સેન્ટર એટલે વોર્ડ નં. ૩, સેક્ટર-૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૩૦ના વિસ્તાર વાળો વોર્ડ નં. ૩ ૧૯૦૭૬ મતદારો ધરાવે છે. આ વોર્ડમાં ૪ બેઠક માટે ૧૦ ઉમેદવારો મેદાનમાં છે. કોંગ્રેસ-ભાજપના ૪-૪ અને લોકવિકાસ મંચ અને અપક્ષના ૧-૧ ઉમેદવારે જંગમાં ઝુકાવ્યું છે. ૩ સીટીંગ કોર્પોરેટર અને ૧ સીટીંગ કોર્પોરેટરના પત્ની મેદાનમાં છે. ભાજપ તરફથી શહેરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા જ્યારે કોંગ્રેસની પેનલમાં સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન પ્રવિણભાઈ પટેલ (ક્વોલીટી), નામદેવ વર્સાત અને સીટીંગ કોર્પોરેટર અશ્વિનભાઈ વ્યાસના ધર્મપત્ની ભાવનાબેન વ્યાસ મેદાનમાં જુકાવતા જંગ રસપ્રદ બન્યો છે. બાકીના ૭ ઉમેદવારો પ્રથમ વખત ચૂંટણી લડી રહ્યા છે.

ભાજપની પેનલનું નેતૃત્વ શહેરના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ મનુભા રાણા સંભાળી રહ્યા છે. છેલ્લા ૫ વર્ષમાં મતદારો સાથેના મતદારોના પ્રશ્નોના અસરકારક અવાજ રજુ કરનાર મહેન્દ્રસિંહ વોર્ડમાં વ્યાપક આવકાર મેળવી રહ્યા છે. અનેક સામાજીક સંસ્થાઓ અને રાજપુત સમાજના માધ્યમથી શ્રી મહેન્દ્રસિંહના સંપર્કો વ્યાપક છે. આ જ પેનલમાં જયદેવ અજીતભાઈ પરમાર ભાજપના સંનિષ્ઠ કાર્યકર છે. અનુસૂચિત જનજાતિના પરિવારોમાં જયદેવભાઈ સીધા સંપર્કથી તેમને પણ નોંધપાત્ર આવકાર મળે છે. મહિલા બેઠક માટે રીટાબેન કેતનકુમાર પટેલ ભાજપના અગ્રિમ હરોળના નેતા અને દૂધ મંડળીના ડિરેક્ટર કેતનભાઈ પટેલના ધર્મપત્ની હોવાથી વિસ્તારના અનેક પરિવારો સાથે સારો સંપર્ક ધરાવે છે. રીટાબેનને પટેલ સમાજ અને સેક્ટર-૨૨ના સામાજીક સંબંધોને કારણે પ્રોત્સાહક આવકાર મળી રહ્યો છે. આ પેનલના બીજા મહિલા ઉમેદવાર પ્રીતિ ધવલકુમાર દવે ભાજપ યુવા મોરચાના અગ્રણી ધવલભાઈ દવેના પત્ની હોવાથી મતદારો સાથે પ્રભાવી સંપર્ક ધરાવે છે. બ્રહ્મસમાજ સહિત સામાજીક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા ધવલ દવેના કારણે પ્રીતિબહેનને નોંધપાત્ર આવકાર મળી રહ્યો છે. આમ સમગ્ર પેનલ આક્રમક રીતે ડોર ટુ ડોર અભિયાન સંપન્ન કરી ચુકી છે.

કોંગ્રેસની પેનલનું નેતૃત્વ સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન પ્રવિણભાઈ પટેલ સંભાળી રહ્યા છે. ક્વોલીટીના હૂલામણા નામે ઓળખાતા પ્રવિણભાઈ સેક્ટર-૨૧ના અગ્રણી વેપારી હોવાથી વેપારી આલમમાં પ્રવિણભાઈને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. શહેરના મૂળભૂત પ્રશ્નોને સ્પષ્ટ અને અસરકારક રજુઆત કરનાર પ્રવિણભાઈનો એક મોટો ચાહકવર્ગ આ વોર્ડમાં છે. કોંગ્રેસના અનુસૂચિત જનજાતિ બેઠકના ઉમેદવાર નામદેવ કાવજીભાઈ વર્સાત સીટીંગ કોર્પોરેટર છે. નિવૃત્ત સંયુક્ત સચિવ નામદેવ વર્સાતની છેલ્લા પાંચ વર્ષમાં મહાનગર પાલિકામાં અસરકારક કામગીરીની મતદારો પર નોંધપાત્ર અસર છે. મહિલા બેઠક માટે સીટીંગ કોર્પોરેટર અશ્વિનભાઈ વ્યાસ (કુકર)ના ધર્મપત્ની ભાવનાબેન વ્યાસ બ્રહ્મસમાજ અને સેક્ટરની સામાજીક પ્રવૃત્તિઓમાં અગ્રેસર હોવાથી સમગ્ર વોર્ડમાં બહોળો સંપર્ક ધરાવે છે. ભાવના એડ્સના પ્રોપરાઈટર ભાવનાબેન વેપારી આલમ અને વસાહતીઓમાં અસરકારક આવકાર મેળવી રહ્યા છે. પેનલના બીજા મહિલા ઉમેદવાર રંજનબેન અમરસિંહ રમલાવત પણ રાજપુત સમાજના અગ્રણી મહિલા કાર્યકર છે. અમરસિંહભાઈ કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકર હોવાથી સમગ્ર વોર્ડમાં સમગ્ર પરિવાર બહોળો સંપર્ક ધરાવે છે. આમ કોંગ્રેસની પેનલના ચારેય ઉમેદવારો ડોર ટુ ડોરનો પહેલો રાઉન્ડ સંપન્ન કરી બીજો રાઉન્ડ અડધાથી વધુ પુરો કર્યો છે.

લોક વિકાસ મંચના જીતમલભાઈ રૂમાલભાઈ ડામોર નિવૃત્ત સંયુક્ત સચિવ હોવાથી કર્મચારીઓ અધિકારીઓ સાથે નોંધપાત્ર સંપર્ક ધરાવે છે. અનુસૂચિત જાતિ વર્ગની સામાજીક શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવા જીતમલભાઈને પણ આવકાર મળી રહ્યો છે. આ ઉપરાંત અપક્ષ ઉમેદવાર હસમુખભાઈ પોપટભાઈ વાળા પણ ઘરે ઘરે ફરી મતદારોને અપીલ કરતા નજરે પડે છે.

આ વોર્ડમાં સીધો જંગ કોંગ્રેસ અને ભાજપની પેનલ વચ્ચે ખેલાઈ રહ્યો છે. એક તરફ પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાની પેનલ અને બીજી તરફ પ્રવિણભાઈ પટેલની પેનલના આક્રમક પ્રચારથી સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્તેજના જગાવી છે. સમગ્ર શહેરના રાજકીય નિરીક્ષકોની નજર આ વોર્ડ ઉપર કેન્દ્રિત થયેલી છે. પ્રવિણભાઈ પટેલ અગ્રણી વેપારી અને સંનિષ્ઠ લોક સેવક હોવાથી મતદારોના ઘણા મોટા સમુહમાં લોકપ્રિય છે. ક્વોલિટી-કુકરની જોડી સમગ્ર વિસ્તારમાં જાણીતી છે. તો બીજી તરફ મહેન્દ્રસિંહ રાણાની મેયર તરીકેની કામગીરી અને ભાજપનુ આખુ સંગઠન બળ એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. બન્ને તરફ આક્રમકતા છે અને વિશ્વાસ પણ છે. બન્ને પેનલો જીતના દાવા વિશ્વાસપૂર્વક કરે છે, પણ મતદારો અકળ છે. આ વોર્ડની આગાહી કરવામાં ભલભલા રાજકીય પંડિતો ગોથા ખાય છે. ભાજપે આ વોર્ડમાં કાર્યકરોની મોટી ફોજ ઉતારી છે. મુખ્યમંત્રી સહિત અનેક મંત્રીઓ આ વોર્ડની ગતિવિધિ પર નજર રાખી રહ્યાં છે. તો કોંગ્રેસે પણ મોટા માથાઓને મેદાનમાં ઉતાર્યા છે. શક્તિસિંહ ગોહિલ, અર્જુનભાઈ મોઢવાડીયા જેવા પ્રદેશ અગ્રણીઓ સહિત અસંખ્ય કાર્યકરો આ વોર્ડમાં કાર્યરત બન્યા છે. એવુ કહેવાય છે કે આ વોર્ડમાં જે પેનલ જીતશે તે પક્ષ શહેરમાં સત્તા પર આવશે. ચર્ચાઓ-અનુમાનો ગમે તે હોય મતદારોનો ચુકાદો આખરી રહેશે અને ૨૬મીએ જ વોર્ડ નં. ૩ના મતદારોનો મિજાજ સ્પષ્ટ બનશે.

## ભાજપ-કોંગ્રેસે મોટા માથા મેદાનમાં ઉતાર્યા, મતદારોનું અકળ મૌન બન્ને પક્ષોને મુંઝવે છે

### હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**તમે અમને એક વાર મત આપી ચૂંટી તો જુઓ, પછી અમે એટલા બાંકડા આપશું, એટલા બાંકડા આપશું કે તમે બીજુ બધુ ભુલી જશો...!!**

## માણસાના આનંદીમાંના વડલે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા.૨૧

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાંનો વડલો અને માંપાલઈ વિઘ્નેશ્વરી ધામ માણસા દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું વિશિષ્ટ આયોજન તા. ૨૩ થી ૨૫ એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું છે. આ ત્રણ દિવસ દરમિયાન પ્રથમ દિવસે પ્રધાન દેવોની સ્થાપના, બીજા દિવસે વિવિધ જિલ્લાઓની સંસ્કૃતિની ઝાંખી કરાવતી વૈવિધ્યસભર શોભાયાત્રા, જલયાત્રા, રાત્રે ૮.૦૦ કલાક સુંદરકાંડનો પાઠ અને અન્નાધિવાસનો કાર્યક્રમ યોજાશે. અન્નાધિવાસમાં પોતપોતાના ઘરેથી પ્રતિકાત્મક અનાજ લાવી તેમાં માતાજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવનાર છે. આ અનાજનો ઉપયોગ અન્નક્ષેત્રમાં ભૂખ્યાને ભોજન કરાવવા માટે કરવામાં આવશે. ત્રીજા દિવસે એટલે કે ૨૫ એપ્રિલ સોમવારના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન નવનિર્મિત મંદિર પર હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરવામાં આવશે. ગુજરાતમાં પ્રથમ વખત મા-બાપનુ મંદિર અહીં નિર્મિત થઈ જવા રહ્યું છે. આ કાર્યક્રમમાં પૂજ્ય સંતો ઉપરાંત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે અન્નાધિવાસ, શોભાયાત્રા અને પ્રાણપ્રતિષ્ઠાના આ તમામ દિવસના કાર્યક્રમોમાં ભાવિક ભકતોને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

## સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતે પક્ષી પરબનું વિતરણ કરાશે

ડીસ્ટ્રીકટ કાપડ વેપારી એસોસીએશન સે-૨૧ દ્વારા આગામી તા. ૨૩ એપ્રિલને શનિવારના રોજ કુંડા વિતરણનું આયોજન કરવામાં આવ્યુંછે. અબોલપક્ષીને કાળઝાળ ગરમીમાં પાણી વગર તરફડવું ન પડે અને તેઓને સમયસર પાણી મળી રહે તેવા હેતુથી કુંડા વિતરણનો કાર્યક્રમ સે-૨૧, ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ખાતે સવારે ૯.૦૦ કલાકેથી કરવામાં આવશે.

## ઝુંડાલથી સુઘડ જતાં કેનાલના કાચા રસ્તે જતી ગાડી ઝાડ સાથે ટકરાતા એકનું મોત

### સિંચાઈ વિભાગના એન્જીનીયર, સહકર્મી મહિલાને ગાડીમાં લીફ્ટ આપીને લઈ જઈ રહ્યા હતા : ઝાડ સાથે કાર અથડાઈને પલ્ટી ખાઈ જતા એન્જીનીયરનું મૃત્યુ : મહિલા ઘાયલ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક સ્થિત ઝુંડાલથી સુઘડ તરફ જતી નર્મદા કેનાલના કાચા રસ્તા પર આજે બપોરના અરસામાં સ્વીફ્ટ ગાડીને જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો.સ્વીફ્ટ ગાડી અચાનક ઝાડ સાથે ટકરાઈને પલ્ટી મારી જતા તેમાં સવાર સિંચાઈ વિભાગના ૫૩ વર્ષીય એન્જીનીયરનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે લીફ્ટ માગીને ગાડીમાં બેઠેલી સહકર્મી મહિલા પણ ઘાયલ થવા પામી છે. અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ગુનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ-સાબરમતી વિસ્તારમાં સ્થિત આરાધના પાર્ક સોસાયટીમાં રહેતા ૫૩ વર્ષીય મયુરભાઈ ચંદ્રકાન્તભાઈ પટેલ સિંચાઈ વિભાગમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા હતાં. આજે બપોરના અરસામાં તેમની સ્વિફ્ટ ગાડી નં. જીજે ૧૮ બી.બી. ૫૫૧૯ લઈને ઝુંડાલથી સુઘડ તરફના નર્મદા કેનાલના કાચા માર્ગ પર નીકળ્યા હતા. તેમની સાથે તેમની સહકર્મી મહિલા હેતલબેન પણ ઓફીસથી લીફ્ટ માંગીને ગયા હતાં. તે દરમિયાન અચાનક કાચા રસ્તા પર સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા ગાડી ધડાકાભેર ઝાડ સાથે ટકરાઈને પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં મયુરભાઈનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે સહકર્મી મહિલા હેતલબેનને ઈજાઓ થતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.



અડાલજ પોલીસે આ અકસ્માત અંગે ગુનો દાખલ કરીને જમાદાર મુળજીભાઈએ ઉંડી તપાસ શરુ કરી છે.

## ગાંધી મિત્ર વર્તુળની બેઠક યોજાશે

ગાંધી મિત્ર વર્તુ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૩મી એપ્રિલને શનિવારના રોજ માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક સાંજે ૪.૩૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે મળશે.

## ચુંટણી પહેલા ઈવીએમનું પ્રત્યક્ષ નિદર્શન



ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓ હવે હાથવેંતમાં છે. હવે ચુંટણીઓ બેલેટ પેપર પર સિક્કો મારીને નહી પરંતુ ઈવીએમ મશીન પર બટન દબાવીને કરાય છે. વિધાનસભા અને લોકસભાની ચુંટણીઓ આ રીતે જ યોજાઈ હતી પરંતુ એ બધી ચુંટણીઓમાં મતદાતાએ માત્ર એક જ મત આપવાનો હતો એટલે મતદારો માટે સરળ પ્રક્રિયા હતી. કોર્પોરેશનની ચુંટણીઓમાં એક મતદાતા વધુમાં વધુ ચાર મત આપી શકે છે, વળી આ સાથે 'નાટો'નો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આથી સામાન્ય મતદાતાઓ માટે થોડુંક મુંઝવણભર્યું કાર્ય હોવાથી ચુંટણી પંચ દ્વારા હાલ સેકટરોમાં ફરી ફરીને મતદાતાઓને 'ઈવીએમ' વાપરવાનું પ્રત્યક્ષ નિદર્શન કરાઈ રહ્યું છે. તમામ મત વિસ્તારના ચૌરે અને ચૌટે ચુંટણી પંચના અધિકારીઓ મતદાતાઓને કેવી રીતે મતદાન કરવું તેની સરળ ભાષામાં સમજ આપતા ફરી રહ્યા છે.

## દરેક વોર્ડમાં મહાપાલિકાની ચૂંટણીના દિવસે ઓઆરએસના સેન્ટર ઉભા કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં મહાનગર પાલિકાની ચુંટણી લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તંત્રએ પણ ચુંટણીના રોજ તમામ ડિસ્પેન્સરી અને ૮ અર્બન હેલ્થ સેન્ટર સવારે ૭ કલાકથી કાર્યરત રાખવાના આદેશ કર્યા છે. જયારે નગરમાં કાળઝાળ ગરમીને લઈ પ્રિન્સીપલ હેલ્થ વિભાગ દ્વારા પાલિકાની ચુંટણીના રોજ દરેક વોર્ડ દીઠ મતદારોના આરોગ્યને ધ્યાને લઈ શહેરમાં આવેલા તમામ વોર્ડ પર ઓઆરએસના સેન્ટરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઓઆરએસ અને જરુરી પ્રાથમિક દવાઓ ઉપલ્બધ કરવામાં આવી છે.

અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીને ધ્યાને લઈ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ઠ ૪ સીએચસી સેન્ટર અને ૮ અર્બન હેલ્થ સેન્ટર તા.૨૪ એપ્રીલ ચુંટણીના રોજ સવારે ૭ વાગ્યાથી તંત્ર દ્વારા ચુંટણી પૂર્ણ થાય ત્યાં સુધી કાર્યરત રાખવાના આદેશ કરી દેવામાં આવ્યા છે. જયારે પ્રિન્સીપલ આરોગ્ય વિભાગ દ્વારા કાળઝાળ ગરમીમાં કોઈ મતદારને લુ લાગે અથવા ચકકર આવે તેવા સમયે સ્થળ પર ઓઆરએસના પેકેટ રાખવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. જયારે શહેરના વોર્ડ દીઠ એક ઓઆરએસ તેમજ પ્રાથમિક જરુરી દવાઓ સહિતનું સેન્ટર પણ શરુ કરવામાં આવશે. આ સેન્ટર પરથી જરુર પડ તો મતદારને તેમજ ચુંટણીમાં ફરજ બજાવતા કર્મચારીને દવાઓ મળી રહેશે. ગાંધીનગરની મનપાની ચુંટણીને લઈ હોસ્પિટલ તંત્રએ પણ ૨૪ કલાક સ્ટાફની ગોઠવણી કરી દીધી છે.

## પંચવટી પાર્કના વસાહતીઓની માંગણી સ્વિકારવા હૈયાધારણા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેકટર - ૨૩ પંચવટી પાર્કની સામે આવેલા ખુલ્લા પ્લોટમાં ડોકટર હાઉસની જગ્યા બાબતે છેલ્લા ઘણા સમયથી યોગ્ય નિરાકરણ લાવવામાં ના આવતા સ્થાનિક વસાહતીઓમાં ભાજપ પ્રત્યે રોષ જોવા મળ્યો હતો.મહાપાલિકાની ચુંટણીમાં વસાહતીઓના ભાજપ વિરોધી વલણને જોઈ ગત્ રાત્રીએ સેકટર-૨૩ પંચવટી પાર્ક ખાતે માર્ગ મકાન મંત્રી નિતિનભાઈ પટેલ, શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ એ સેકટરના આગેવાન પ્રકાશભાઈ પટેલ પહોંચી ગયા હતા અને વસાહતીઓની રજુઆત સાંભળી હતી.આ અંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને કોરપોરેટર પ્રકાશ પટેલે વસાહતીઓના પ્રશ્નની સબળ રજુઆત મંત્રી નિતિનભાઈ સમક્ષ કરી હતી. મંત્રી નિતિનભાઈએ મતદારોની અને ધારાસભ્યની રજુઆતને ધ્યાને લઈ ટુંક સમયમાં યોગ્ય નિરાકરણ લાવવાની હૈયાધારણા આપી સકારાત્મક વલણ અપનાવતા મતદારોએ સંતોષ વ્યકત કર્યો છે. જયારે પંચવટી પાર્કના રહીશો જે મતદાનથી અળગા રહેવાના હતા પરંતુ હવે મંત્રી નિતિનભાઈ પટેલે પ્રશ્નના નિરાકરણની હૈયાધારણા આપતા સોસાયટીના રહીશો મતદાનથી અળગા નહી રહીને મતદાન કરવા જશે.